Volume : 3 | Issue : 5 | June 2013 ISSN - 2250-1991

Research Paper Education

# Vidhyarthina Sarvangi Vikasna Sandarbhe Prathmik Shalana Shikshakone Valio Pasethi Apekshaono Abhyas

# વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોની વાલીઓ પાસેથી અપેક્ષાઓનો અભ્યાસ

* Patel Roshaniben Bharatbhai

* M.A., B.Ed., M.Ed., M.Phil.

**ABSTRACT**

શિક્ષણ સંસ્થાઓ એકલા શિક્ષિત વ્યકિત કે શિક્ષકોથી ચાલતી નથી. શાળામાં ઘણા બધા કાર્યો એવા હોય છે. જેમાં શિક્ષકોને વાલીઓના સહભાગિતાની જરૂર પડે છે.
આજના આધુનિક યુગમાં જયા ઘરોની અંદર વાલીઓનો બાળક માટે સમય હોતો નથી તેવા સંજોગોમાં શિક્ષકો બાળકોના વિકાસ માટે વાલીઓ પાસેથી કેટલીક અપેક્ષાઓ રાખે છે. તેમજ આ અપેક્ષાઓની પૂર્તિ થાય ત્યારે જ બાળકના સર્વાંગી વિકાસ સારી રીતે થઈ શકે અને સંસ્થાની ગુણવત્તા વધે તદ્ઉપરાંત વાલીઓ પોતાની જવાબદારી સમજે તે અંગેની ચર્ચા પ્રસ્તુત સંશોધનમાં કરવામાં આવી છે.

**Keywords :** વિદ્યાર્થી વિકાસ

**પ્રાથમિક શાળા**
પ્રાથમિક શાળાઓ એટલે એવી શાળાઓ કે જેમાં ધોરણ–1 થી 8 સુધીનું શિક્ષણ અપાતું હોય અને જે સરકાર દ્વારા માન્ય હોય તેમજ અહીં અપાતું શિક્ષણ મફત, ફરજિયાત અને બધાનાં માટે હોય છે તથા ગ્રામીણ અને શાળાઓનો સમાવેશ કરે છે.

**વાલીઓ**
" બાળકનું પોષણ કરનાર વ્યકિત."

**અપેક્ષા**
સામાન્ય રીતે જોઈએ તો અપેક્ષા એટલે આશા, આકાંક્ષા, ઈચ્છા, અરમાન, મહત્વાકાંક્ષા વગેરે અર્થ થાય છે.
વાકયના સંદર્ભમાં અપેક્ષાનો અર્થ જોઈએ તો વેબસ્ટર્સના શબ્દકોષમાં આ પ્રમાણે અર્થ છે.
"In Expecting or looking Forward to an events as about to happen." - Irving

**અભ્યાસ**
ભગવદ્ગોમંડલમાં અભ્યાસનો અર્થ આ પ્રમાણે છે.
અભ્યાસ ‸ અભિ + આસ
(તરફ) (જવું)
" મનને બીજી જગ્યાએ દોરતું અટકાવી સ્થિર કરવાનાં હેતુથી વારંવાર કરાતો પ્રયત્ન."

**અભ્યાસના હેતુઓ**
1. શિક્ષકોની વાલીઓ પાસેથી શારીરિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
2. શિક્ષકોની વાલીઓ પાસેથી માનસિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
3. શિક્ષકોની વાલીઓ પાસેથી સામાજિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
4. શિક્ષકોની વાલીઓ પાસેથી નૈતિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
5. શિક્ષકોની વાલીઓ પાસેથી શૈક્ષણિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
6. જાતીયતાના સંદર્ભમાં શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના સર્વાંગી વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
7. અનુભવના સંદર્ભમાં શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના સર્વાંગી વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.

**અભ્યાસના સમાવિષ્ટ ચલો**
પરતંત્ર ચલ :– અપેક્ષા
સ્વતંત્ર ચલ :– જાતીયતા (ક્ષ) સ્ત્ર (×) પુરૂષ
અનુભવ (ક્ષ) પાંચ કે તેથી ઓછો અનુભવ (×) પાંચ થી વધુ અનુભવ

**અભ્યાસની ઉત્કલ્પના**
(ક્ષ) સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોની અપેક્ષાઓ માટેના અભિપ્રાયોમાં કોઈ સાથ કે તફાવત નહીં હોય.
(×) પાંચ કે તેથી ઓછા વર્ષના અનુભવી શિક્ષકો અને પાંચથી વધુ વર્ષના અનુભવી શિક્ષકોની અપેક્ષાઓ માટેના અભિપ્રાયોમાં કોઈ સાથ કે તફાવત નહીં હોય.

**વ્યાપવિશ્વ અને નમૂનો**
ગુજરાત રાજયના તમામ જિલ્લાઓ પૈકીનો એક જિલ્લો એટલે પાટણ જિલ્લાની પાટણ અને હારીજ તાલુકાની પ્રાથમિક શાળાઓ એ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતું. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ નિશ્ચિત ન હોવાથી વ્યાપવિશ્વને વ્યાખ્યાયિત કરવા અભ્યાસકે અભ્યાસકે નિદશ તરીકે પાટણ તાલુકાની ૧૫૯ શાળાઓ પૈકી ૩૦ શાળાઓની ચિટ્ઠી ઉપાડ પદ્ધતિની પસંદગીથી કુલ ૧૧૩ શિક્ષકો નિદશ તરીકે પસંદ કરવામાં આવેલ છે. તેમજ હારીજ તાલુકાની ૫૦ શાળ ઓ પૈકી ૩૨ શાળાઓની ચિટ્ઠી ઉપાડ પદ્ધતિની પસંદગીથી કુલ ૧૦૭ શિક્ષકો લીધેલ છે. આમ, ગુજરાતી માધ્યમની ૬૨ શાળાના કુલ ૨૨૦ શિક્ષક ભાઈ – બહેનોનો નિદશ તરીકે સમાવેશ કરવામા આવ્યો છે.

**ઉપકરણ**
પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોની વાલીઓ પાસેથી અપેક્ષાઓનો અભ્યાસ કરવાનો છે. પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પ્રકારનો હોઈ ઉપકરણ તરીકે અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં શિક્ષક માટેની અભિપ્રાયાવલિ છે.

**અભ્યાસ પદ્ધતિ**
શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાં સંશોધન માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાંથી પ્રસ્તુત સંશોધનમાં વ્યવસાયિક સર્વેક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તજ્જ્ઞો પાસે અને પસંદ કરેલ નમૂના પાસે રૂબરૂ જઈને અભિપ્રાયાવલિ ભરાવવામાં આવી હતી. આમ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરીને માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણ અને અર્થઘટન**
સંશોધનમાં માહિતી પ થક્કરણની પ્રવિધિ એ સંશોધનની આધારશિલા ગણાય છે. એકત્રિત માહિતીમાંથી તથ્યો કે અર્થો તારવવા માટે સારણીબદ્ધ સામગ્રીનો અભ્યાસ એટલે માહિતીનું પૃથક્કરણ ઉદ્દેશ માહિતીને બુદ્ધિગમ્ય અને અર્થઘટનાત્મક સ્વરૂપમાં રજૂ કરવાનો છે.

પ્રસ્તુત સંશોધન માટે વિવિધ ઊપકરણોની મદદથી એકત્રિત કરેલી શિક્ષકોના અભિપ્રાયોની માહિતી અંગે પ્રતિચારોની ટકાવારી તથા સમાન સંભવની રીતથી કાઈવર્ગ શોધવામાં આવ્યો.

**અભ્યાસનાં તારણો**
– શિક્ષકોના મંતવ્યો પ્રમાણે બાળકના શારીરિક વિકાસ અંગે વાલીઓએ બાળકના આહાર, વ્યાયામ, સ્વચ્છતા રોગો સામે રક્ષણ અને રમત–ગમત જેવી બાબતો અંગેની તકેદારી લેવી જોઈએ.
– બાળકોને દેશ–દુનિયાની પ્રગતિથી માહિતગાર કરવા જોઈએ.
– બાળકની જિજ્ઞાસાવૃત્તિ વાલીઓએ સંતોષવી જોઈએ.
– વાલીઓએ બાળકને સામાજિક કાર્યક્રમોમાં ભાગ લેવડાવવો અને સામાજિક મેળાની મુલાકાત કરાવવી જોઈએ.
– વાલીઓએ દૂષણો વિરોધી કાર્યક્રમોમાં ફાળો આપવો જોઈએ.
– વાલીઓએ બાળકના મિત્ર વર્તુળ અંગેની કાળજી લેવી જોઈએ.
– જવાબદાર નાગરિક અને પર્યાવરણનું મહત્વ બાળકને સમજાવવું જોઈએ.
– નૈતિક– ગુણો, સાદાઈ, પ્રામાણિકતા, પ્રેમ વગેરેનો વિકાસ કરવો જોઈએ.
– વાલીઓએ વિવિધ સંસ્થાની મુલાકાત લેવી જોઈએ, લેવડાવવી જોઈએ.
– વાલીઓએ બાળકનાં અભ્યાસમાં મદદરૂપ થવું જોઈએ.
– વાલીઓએ શાળાનાં શિક્ષણકાર્ય વિશે પૂછપરછ કરવી જોઈએ.
– વાલીએ શિક્ષક સંઘની મિટિંગમાં નિયમિત હાજરી આપવી જોઈએ.
– વાલીએ શિક્ષક સાથે સતત શૈક્ષણિક ચર્ચા કરતાં રહેવું જોઈએ.
– વાલીએ શાળા પ્રત્યેની જવાબદારી નિભાવવી જોઈએ.

## REFERENCES

[1] Aggrawal,J.C. (1966). Educational Research And Introduction. New Delhi : Arya Book Depo. | [2] John W.Best (1951). Research In Education.U.S.A. : precentice Hall Nefny leword Lifts. | [3] Mifree, K., Programmed Learning And Science of Teaching. IAPL, Ne Letters, VOL.30 | [4] Williams, J.D. Educational Research. Vol- 5, No.3, London. ગુજરાતી પુસ્તકો | [1] ઊચાટ,ડી.એ. (1992), વિચરણ પૃથક્કરણ. પ્રથમ આવૃત્તિ, રાજકોટ :સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | [2] ઊચાટ,ડી.એ. (2000), સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ, રાજકોટ | [3] ઊચાટ, ડી.એ. (2005), સંશોધન દર્શન. પ્રથમ આવૃત્તિ, રાજકોટ | [4] કે.જી.દેસાઈ (1978), મનોવૈજ્ઞાનિક માપન (પ્રથમ આવૃત્તિ).અમદાવાદ : યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ.